દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
મંગળવાર ૩ ફેબ્રુઆરી, ૨૦૨૬

# શૂન્ય કાર્બન ઉત્સર્જનનું લક્ષ્ય પ્રાપ્ત કરવાના પ્રયાસો હવે અનિવાર્ય બનતા જાય છે

ગ્લોબલ વોર્મિંગ એ હવે કોઇ નવા શબ્દો નથી. પૃથ્વીનું વધતું તાપમાન એ હવે ઘણા સમયથી ચર્ચાતો રહેલો મુદ્દો બની ગયો છે. પરંતુ કરૂણ વાત એ છે કે ઘણા સમયથી ચર્ચા ચાલતી હોવા છતાં અને આ તાપમાન ઘટાડવા માટેની જાત જાતની યોજનાઓની વૈશ્વિક સ્તરે વાતો થતી હોવા છતાં આ દિશમાં નક્કર કાર્ય ઘણુ જ ઓછું થાય છે અને પરિણામે પૃથ્વીનું તાપમાન વધતું જ રહે છે અને આપણા માટે જોખમી સંજોગોમાં વધારો કરતું રહે છે. આ બાબતમાં ઓક્સફર્ડ યુનિવર્સિટીના સંશોધકો દ્વારા કરવામાં આવેલ એક નવો અભ્યાસ ચેતવણી આપે છે કે ગ્લોબલ વોર્મિંગની વધતી ગતિ આગામી થોડા દાયકાઓમાં અબજો લોકોને જોખમી રીતે ઊંચા તાપમાનનો સામનો કરવા મજબૂર કરી શકે છે. વિશ્લેષણ મુજબ, જો વૈશ્વિક સરેરાશ તાપમાન પૂર્વ-ઔદ્યોગિક સ્તરથી 2 ડિગ્રી સેલ્સિયસ વધે છે–જેને વૈજ્ઞાનિકો હવે વધુને વધુ સંભવિત માની રહ્યા છે, તો 2050 સુધીમાં વિશ્વની લગભગ અડધી વસ્તી એટલે કે આશરે 3.79 અબજ લોકો અતિશય ગરમીની સ્થિતિમાં જીવતા હશે. સંશોધકો સાવધ કરે છે કે ગંભીર અસરો આ સમયગાળા પહેલા જ દેખાવા લાગશે. પેરિસ કરાર દ્વારા નિર્ધારિત 1.5 ડિગ્રી સેલ્સિયસની મર્યાદાની નજીક તાપમાન પહોંચતા જ ગરમીના સંપર્કમાં આવવાનું પ્રમાણ ઝડપથી વધશે. 2010 માં, અતિશય ગરમીએ વૈશ્વિક વસ્તીના લગભગ 23% લોકોને અસર કરી હતી; ‘નેચર સસ્ટેનેબિલિટી’ જર્નલમાં પ્રકાશિત અભ્યાસ સૂચવે છે કે નજીકના ભવિષ્યમાં આ આંકડો વધીને 41% થઈ શકે છે.

કેટલાક પ્રદેશોમાં ગરમીના જોખમમાં ખાસ કરીને ઝડપી વધારો જોવા મળશે, જેમાં સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિક, નાઇજીરીયા, દક્ષિણ સુદાન, લાઓસ અને બ્રાઝિલનો સમાવેશ થાય છે. દરમિયાન, સૌથી વધુ સંખ્યામાં અસરગ્રસ્ત લોકો ભારત, ઇન્ડોનેશિયા, બાંગ્લાદેશ, પાકિસ્તાન, નાઇજીરીયા અને ફિલિપાઇન્સ જેવા ગીચ વસ્તી ધરાવતા દેશોમાં હશે. અભ્યાસમાં એમ પણ જાણવા મળ્યું છે કે ઐતિહાસિક રીતે ઠંડી આબોહવા ધરાવતા દેશો પણ આમાંથી બાકાત નહીં રહે. 2006-2016 ના સ્તરની તુલનામાં, 2 ડિગ્રી સેલ્સિયસનો વધારો ઓસ્ટ્રિયા અને કેનેડામાં ગરમ દિવસોની સંખ્યા બમણી કરી શકે છે. યુકે, સ્વીડન અને ફિનલેન્ડમાં લગભગ 150%નો વધારો જોવા મળી શકે છે, જ્યારે નોર્વે અને આયર્લેન્ડમાં 200% કે તેથી વધુનો વધારો અનુભવાઈ શકે છે. આ આંકડાઓ ભયંકર છે. મુખ્ય લેખક ડો. જીસસ લિઝાનાએ નોંધ્યું છે કે હીટિંગ અને કુલિંગની માંગમાં મોટાભાગના ફેરફારો 1.5 ડિગ્રીની મર્યાદા



પહોંચતા પહેલા જ આવશે, જેનો અર્થ છે કે અનુકૂલન માટેના પ્રયાસો અપેક્ષા કરતા વહેલા શરૂ કરવા પડશે. સંશોધકો ચેતવણી આપે છે કે ઠંડા પ્રદેશોમાં ઇમારતો અને માળખાગત સુવિધાઓ લાંબા સમય સુધી ચાલતી ગરમી માટે તૈયાર નથી, જે લાખો ઘરોને માત્ર થોડા વર્ષોમાં એર-કન્ડિશનિંગ અપનાવવા માટે મજબૂર કરી શકે છે. ડો. લિઝાનાએ જણાવ્યું કે, અમારો અભ્યાસ દર્શાવે છે કે કુલિંગ અને હીટિંગની માંગમાં મોટાભાગના ફેરફારો 1.5 ડિગ્રી સેલ્સિયસના ઉંબરે પહોંચતા પહેલા જ થાય છે, જેના માટે અગાઉથી નોંધપાત્ર અનુકૂલન પગલાં લાગુ કરવા જરૂરી બનશે. ઉદાહરણ તરીકે, આગામી પાંચ વર્ષમાં ઘણા ઘરોમાં એર કન્ડીશનીંગ લગાવવાની જરૂર પડી શકે છે, પરંતુ જો ગ્લોબલ વોર્મિંગ 2.0 ડિગ્રીએ પહોંચશે તો તાપમાન ત્યાર પછી પણ વધતું રહેશે. તેમણે ઉમેર્યું કે, 2050 સુધીમાં નેટ-ઝીરો કાર્બન ઉત્સર્જનના વૈશ્વિક લક્ષ્યને હાંસલ કરવા માટે, આપણે ઇમારતોના ક્ષેત્રને કાર્બન મુક્ત કરવાની સાથે વધુ અસરકારક અને સ્થિતિસ્થાપક અનુકૂલન વ્યૂહરચના વિકસાવવી જ પડશે.

આ વધતું તાપમાન માણસના જીવન પર ઘણી દૂરગામી અસરો કરી શકે છે. અને અન્ય જીવસૃષ્ટિને પણ તે વ્યાપક અસર કરી શકે છે જેની પણ અસર છેવટે માણસોને થઇ શકે છે. ઓક્સફર્ડના નિષ્ણાતોએ ઉમેર્યું કે 1.5 ડિગ્રી સેલ્સિયસથી વધુ વોર્મિંગ સ્વાસ્થ્ય, શિક્ષણ, કૃષિ અને સ્થળાંતર પર દૂરગામી અસરો કરી શકે છે, જ્યારે કુલિંગ અને ઉર્જા માટેની વૈશ્વિક માંગમાં પણ તીવ્ર વધારો થશે. ડો. રાધિકા ખોસલા, જેઓ સ્મિથ સ્કૂલ ઓફ એન્ટરપ્રાઈઝ એન્ડ એન્વાયરમેન્ટમાં એસોસિયેટ પ્રોફેસર છે, તેમણે જણાવ્યું હતું કે આ અભ્યાસ દરેક માટે ‘વેક-અપ કોલ’ હોવો જોઈએ. તેમણે ઉમેર્યું કે, અમારા તારણો એક ચેતવણી સમાન છે. 1.5 ડિગ્રી સેલ્સિયસથી વધુનું વોર્મિંગ શિક્ષણ અને આરોગ્યથી લઈને સ્થળાંતર અને ખેતી સુધીની દરેક બાબતો પર અભૂતપૂર્વ અસર કરશે. નેટ-ઝીરો ટકાઉ વિકાસ એ જ સતત વધતા ગરમ દિવસોના વલણને કાયમ માટે ઉલટાવવાનો એકમાત્ર સ્થાપિત માર્ગ છે. તે અનિવાર્ય છે કે રાજકારણીઓ આ દિશામાં ફરીથી પહેલ કરે. નેટ ઝીરો કે શૂન્ય કાર્બન ઉત્સર્જનની દિશામાં પગલા ભરવા માટે સજ્જ થઇશું તો જ ભયંકર સંજોગો ટાળી શકીશું.

## સઢની કરામત

યાત્રીઓનું ગ્રુપ બેટદ્વારકા દર્શન કરવા ગયું. બેટદ્વારકા નાવમાં બેસીને જવું પડે. આખું ગ્રુપ બેટદ્વારકા જવા માટે નાવમાં બેઠા ત્યારે પવન ખૂબ જ સુસવાટા મારતો હતો. વળી તેની દિશા પણ બેટદ્વારકા તરફની જ હતી એટલે પવનની સંગાથે થોડી જ વારમાં નાવ બેટદ્વારકા પહોંચી ગઈ. સઢ હવાથી એવા ભરચક ભરાયા હતા કે જાણે હવાના વેગથી ફાટી જશે.નાવમાંથી ઊતરતા એક યાત્રાળુએ નાવિકને કહ્યું, ‘‘આવતી વખતે તો પવનની દિશા બરાબર અનુકૂળ હતી. આપણે જે દિશામાં જવું હતું તે જ દિશાની હતી એટલે આપણે જલ્દી આવી ગયા. પરંતુ વળતી વેળા સામા પવને હોડી ચલાવવામાં સમય લાગશે અને તકલીફ પણ થશે ખરું ને..?’’ નાવના વૃદ્ધ ખલાસીએ જવાબ આપ્યો, ‘‘ ભાઈ, દર્શન કરવા જાવ, વળતી વેળાની વાત વળતી વેળાએ. હમણાં તો દ્વારકાધીશનાં ચરણોમાં ધ્યાન આપો.’’ યાત્રાળુ દર્શન કરવા ગયો પણ તેના મનમાં ચિંતા પવનની દિશાની જ હતી અને પવનનું જોર પણ વધતું જતું હતું. તેના મનમાં ચિંતા હતી કે જો આવો સજ્જડ પવન વાતો રહેશે તો સામા પવને હોડીને સામા કિનારે લઇ જવી ભારે થઈ પડશે. દર્શન કરી બધા નાવ તરફ પાછાં ફરતાં હતાં

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

ત્યારે પણ પવન ફૂંકાતો હતો અને યાત્રાળુએ પોતાના મનની ચિંતા બીજાં બધાં યાત્રાળુઓને પણ કરી. હવે બધાના જ મનમાં ચિંતા થવા લાગી. બધા ઉચ્ચક જીવે હોડીમાં બેઠાં.ખલાસીઓએ લંગર ઉઠાવ્યાં અને હોળી તો સડસડાટ ઉપડી. કોઈ તકલીફ વિના આગળ વધવા લાગી. બધાની ચિંતા દૂર થઈ ગઈ. એક ભાઈએ પેલા ચિંતા કરાવનાર યાત્રાળુને કહ્યું, ‘‘અરે ભાઈ,હોડી તો સડસડાટ જાય છે. તમે નાહક ડરાવી દીધાં હતાં.’’ ચિંતા કરનાર ભાઈ પણ મૂંઝવણમાં હતા અને ચૂપચાપ બેસી રહ્યા હતા. પેલા વૃદ્ધ ખલાસીની સામે તેમણે જોયું એટલે ખલાસીએ હસીને કહ્યું, ‘‘ ભાઈ, સઢ તરફ જુઓ એટલે તમને સમજાઈ જશે. આ વાયરાને તો જેમ વાવું હોય તેમ વાય. આપણે સઢની દિશા કઈ રીતે ગોઠવીએ છીએ તેના ઉપર જ નાવની ગતિનો બધો આધાર છે. અત્યારે પવનની દિશા કે ગતિ બદલાયાં નથી પરંતુ અમે નાવના સઢમાં જરૂરી ફેરફાર કર્યો છે અને તેથી જ એ જ દિશા એ જ ગતિનો પવન હોડીને સામા તીરે લઈ જવામાં પણ મદદ કરી રહ્યો છે. કરામત તો બધી સઢને ગોઠવવાની સૂઝની છે. આવું જ આપણા જીવનનું છે. સંસારસાગરમાં હંમેશા અનુકૂળ પવન સતત મળતા નથી અને મોટે ભાગે તો વિરોધી દિશામાં વંટોળિયા જેવા જ સંજોગો મળે છે. જીવનના વહાણ હંકારવા માટે જરૂર છે સઢને સંભાળવાની અને જો સઢની દિશા આપણી અનુકૂળતા પ્રમાણે ગોઠવવાની આવડત આવી જાય તો અઘરા સંજોગોમાંથી માર્ગ કાઢતાં આવડે અને વિરોધી અને નકારાત્મક પરિસ્થિતિઓને પણ આપણી રીતે ઉપયોગમાં લઈને જીવનની નાવ સફળતાના કિનારે પહોંચાડી શકાય.

# માર્ગ અકસ્માત એ ખરેખર અકસ્માત છે? કે આત્મહત્યા કે હત્યા?

**શિક્ષણ-સંસ્કાર**

**કાર્તિકેય ભટ્ટ**

**આમ તો એવું કહેવાય છે કે માણસ અનુભવમાંથી શીખે છે પણ આ માર્ગ અકસ્માતના સમાચારો જોઈએ ત્યારે થાય છે કે આટલા અકસ્માતો પછી આપણે સુધરતા કેમ નથી? સરકાર કહે કે ના કહે, હાઈ વે પર ટુ વ્હીલર વાહન ચલાવનારાએ હેલ્મેટ પહેરવી જ જોઈએ**

આ લેખ લખાય છે ત્યારે આજ ઓછામાં ઓછા ત્રણ માર્ગ અકસ્માતમાં દસથી વધુ લોકો મૃત્યુ પામ્યાં છે અને એટલાં જ ઘાયલ થયાં છે. એક સમયે વસતીવૃદ્ધિની સમસ્યા સમજાવતી વખતે તજજ્ઞો કહેતા કે ભારતની વસતી એ ઝડપે વધે છે કે તમે વાત કરો અને વસતીનો આંકડો બદલાઈ જાય છે. બસ, આવું જ અત્યારે દેશમાં માર્ગ અકસ્માતનું છે. આપણે વાત સમજાવતાં હોઈએ ત્યાં બે-ત્રણ માર્ગ અકસ્માત નોંધાઇ જાય છે.

વાહન વ્યવહારના વધારા સાથે જ દેશમાં માર્ગ અકસ્માત અને તેમાં મૃત્યુ પામનારાંની સંખ્યામાં ચિંતાજનક વધારો થયો છે. કોરોનામાં લોક ડાઉન દરમિયાન માર્ગ અકસ્માતો ઘટવાના કારણે ૫૦ હજારથી વધુ મૃત્યુ અટકી શક્યાં હતાં. આ હકીકત છે. બાકી દર વર્ષે પચાસ હજારથી વધુ લોકો માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવે છે પણ એ સંખ્યા વધતી જાય છે.

દુનિયાભરમાં આર્થિક વિકાસને લીધે વાહન વ્યવહાર વધવા સાથે અકસ્માત વધતા જાય છે પણ ભારતમાં જે રીતે અકસ્માત થાય છે અને માણસો જીવ ગુમાવે છે તે જોતાં આ માર્ગ અકસ્માત ઓછા ને આત્મહત્યા કે હત્યા વધારે લાગે છે. જરા જુવો, રસ્તા ઉપર બાજુમાં પાર્ક કરેલી ટ્રક સાથે પૂરપાટ દોડતી પેસેન્જર કાર અથડાય, છાપાની ભાષામાં પાછળથી ઘુસી જાય અને કારમાં બેઠેલાં મુસાફરો મૃત્યુ પામે છે. આ અકસ્માત નથી આત્મહત્યા છે. દેશમાં મોટા ભાગનાં વાહન ચાલકો ડાબી બાજુ એટલે કે રોંગ સાઈડે ઓવરટેક કરે છે પણ એ પાર્કીંગ સાઈડમાંથી પણ ગાડી પૂરપાટ દોડાવે છે, જે ઊભી રહેલી ટ્રક કે ગાડીમાં અથડાય છે.

બીજો કિસ્સો જુવો, પૂરપાટ દોડતી ગાડી બેલેન્સ ગુમાવે છે અને યુવાન મિત્રો ગાડી સાથે રોડથી બાજુમાં પસાર થતી કેનાલમાં ડૂબે છે. આ અકસ્માત ક્યાં છે, આ તો ભરપૂર બેદરકારી છે, જે જીવલેણ સાબિત થાય છે.

દારૂ પીને નશાની હાલતમાં વાહન હંકારવું ગુનો છે પણ હવે તો મોબાઈલમાં વોટસેપ ચેટ કરતાં વાત કરતાં ગાડી ચલાવવાની ટેવ વધારે ખતરનાક થવા લાગી છે. આવાં વાહનચાલકો બીજાના માટે જોખમી બનતા જાય છે. આપણી પોલીસ પણ પી.યુ.સી. અને પટ્ટા માટે જેટલી સજાગતા બતાવે છે તેટલી ચાલુ વાહને મોબાઈલ પર વાત કરતાં ચાલકોને અટકાવવામાં બતાવતી નથી માટે આવા અકસ્માત પણ વધે છે. આ મોબાઈલ પર વાત કરતાં મૃત્યુ પામે તે આત્મહત્યા છે અને તેમને કારણે જે મૃત્યુ પામે છે તેમની તો હત્યા છે. તેઓ તો ભોગ બન્યાં છે. તેમનાં મોતને અકસ્માતમાં નોંધવા તે ગુનો છે.

આમ તો એવું કહેવાય છે કે માણસ અનુભવમાંથી શીખે છે પણ આ માર્ગ અકસ્માતના સમાચારો જોઈએ ત્યારે થાય છે કે આટલા અકસ્માતો પછી આપણે સુધરતા કેમ નથી? સરકાર કહે કે ના કહે, હાઈ વે પર ટુ વ્હીલર વાહન ચલાવનારાએ હેલ્મેટ પહેરવી જ જોઈએ. રસ્તા પર ચાર રસ્તા આવે ત્યારે વાહન ધીમે જ ચલાવવું પડે. મુખ્ય રસ્તા ઉપર ગાડી ઊભી રાખવી પડે. એકદમ બ્રેક મારવી નહિ અને દરવાજો ખોલવાનો થાય ત્યારે પાછળ આવતા વાહનનું ધ્યાન રાખવું જ પડે. આજે દેશમાં દરેક વાહનચાલક એવું માને છે કે સાઈઠની સ્પીડ એ ધીમી સ્પીડ છે પણ એ માટે નગર શહેરમાં નાના રસ્તા પર પણ સૌ સાઈઠની નીચે તો ચલાવતા જ નથી. યુવાનોમાં રીલ બનાવવાનો ક્રેઝ વધતો જાય છે અને આ તમામ અકસ્માતો લગભગ આત્મહત્યા જેવા જ છે. આપણે આ માટે વ્યાપક જાહેર ચિંતન અને ચર્ચા કરવી જોઈએ. ચેનલો ને છાપાએ લોકોને સતત જાગૃત કરવાં જોઈએ કે આ રીતે વાહન ચલાવી મોતના મુખમાં ના જાવ પણ સરકાર માત્ર દંડની રકમ વધારીને સંતોષ માની રહી છે. ટ્રાફિક પોલીસ કે હાઈ વે પોલીસ બેફામ ગતિમાં વાહન ચલાવનારાંને નિયંત્રિત કરવા કાંઈ કરતા નથી.

દેશમાં નાગરિકશાસ્ત્ર ખાડે ગયું છે. સામાન્ય સમજણનો અભાવ વર્ષે દિવસે પચાસ-સાઈઠ હજાર માણસો અકસ્માતોમાં હોમાય છે. આ વ્યાપક ચિંતાનો વિષય છે. યુવાનો આ રીતે જીવન ગુમાવે તે દેશનું પણ મોટું નુકસાન છે. વાહન ધીમે હંકારવું તે આપણી ધીરજની કસોટી છે. માનસિક ઉદ્વેગનું ઝડપમાં રૂપાંતર ન થવું જોઈએ.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચાની ચૂસકી ને દૂધપાકનો સબડકો!

**મંગલ મસ્તી**

**રમેશભાઈ ચાંપાનેરી ‘રસમંજન’**

**દુનિયામાં રોજ પીવાતી ચાને જો એકત્ર કરવામાં આવે તો, રોજનું ચાનું એક સરોવર બને, એટલી ચા પીવાતી હશે. એમાં કાળી ચા પણ આવી જાય!**

ચૂસકી કે સબડકો લેવો પણ એક કળા છે. એ લીધા વિના ઘણાને ટાઢક કે ખાધા-પીધાની મઝા જ નહિ આવે. અમુક તો એવા સબડકા લે કે, પાડોશવાળા પણ સમજી જાય કે, આ ચા પીએ છે કે, દૂધપાક-દાળભાતના કોળિયા ખેંચે છે..! ચૂસકી અને સબડકા લેવાની કળા, ક્યાંક વારસાગત પણ હોય..! ચા એટલે ગરીબો સુધીની દુલારી અને દૂધપાક એટલે જરા ઊંચા ઘરાનાનો..! બંનેમાં ખૂબી એવી કે, ચા પીએ એ પણ જીવે ને, નથી પીતા એ પણ જીવવાના ફૂંફાડા મારે..! દુનિયામાં રોજ પીવાતી ચાને જો એકત્ર કરવામાં આવે તો, રોજનું ચાનું એક સરોવર બને, એટલી ચા પીવાતી હશે. એમાં કાળી ચા પણ આવી જાય..! છતાં ચાને રાષ્ટ્રીય પીણાંની ગરિમા મળી નથી.
બાકી દૂધપાકની તો તલાવડી પણ નહિ થાય. કદાચ બધાં પીણાંઓને ભેગાં કરવામાં આવે તો, મીની દરિયો થતો હશે..! આપણને બહુ નોલેજ નહિ..! મારા ચમનિયાને તો તમે ઓળખો. એણે ભણવા કરતાં ચોપડા વધારે ફાડેલા ને નિશાળ કરતાં ચોતરા વધારે તોડેલા..! મને કહે, “રમેશિયા..! માન કે ના માન, આ ચાનો છેડો સમુદ્રમંથન સાથે જોડાયેલો હોવો જોઈએ. ઈન્દ્રદેવના અહંકારથી ક્રોધિત થઈ દુર્વાસાએ દેવોને ‘શ્રી-હીન’ (લક્ષ્મી વગરના અને શક્તિહીન) થવાનો શાપ આપ્યો, ને દેવો નબળા પડ્યા અને દાનવો શક્તિશાળી બની ગયેલા. આવી બદતર સ્થિતિ નિવારવા ભગવાન વિષ્ણુએ દેવોને ‘સમુદ્રમંથન’ કરી અમૃત પ્રાપ્ત કરવાની જે સલાહ આપેલી, એમાં એવા થાકી ગયેલા કે, બધાને ચા પીવાની તડપ આવી હોવી જોઈએ. એટલે સમુદ્રમંથનમાંથી ૧૪ નહિ, પણ ૧૫ રત્નો નીકળેલાં હોવાં જોઈએ ને આ ૧૫ મું રત્ન એટલે ચા..! જુઓ ને..? ચા આજે સુરજદાદાથી પણ મહાન છે ને..? સુરજ ભલે મથી-મથીને વહેલો ઊઠે, પણ ચા નહિ મળે, ત્યાં સુધી અમુક ફટીચરની તો સવાર જ નહીં થાય..! લોકોનાં કેવાં કેવાં દિમાગ ચાલે છે? એના કપાળમાં કાંદા ફોડું..!

લોકોક્તિ છે કે, જેની ચા બગડી એની સવાર બગડી, દાળ બગડી એનો દહાડો બગડ્યો, અથાણું બગડ્યું એનું વર્ષ બગડ્યું ને વાઈફ બગડી એની....! (આગળ લખવાની હિંમત નથી બોસ..! મારે પણ એક વાઈફ છે..! (ઘણાને બિલકુલ નથી હોતી એટલે..!) મારી ‘શૈલી’ પણ પણ ક્યારેક-ક્યારેક મારો લેખ વાંચે યાર..! આંખ સાફ કરવા માટે...! એટલે જીવતી લેતો નથી..! નાહકની બબાલ થાય બીજું શું..?) શું સાલો ચાનો પ્રભાવ છે..? અભાવ હોય તો, મગજ છટકે ને ભાવથી કોઈ પીવડાવે તો, મગજ તેજ થાય. લોકો ભલે સવાર પડે એટલે અંગુઠા-કૃપાથી Good morning નાં ઢગલાબંધ બાણ છોડતાં હોય, પણ ચા પીધા વગર કોઈની સવાર Good બનતી નથી. સવારની ચા અમૃત જેવી લાગે. ચા ની ચૂસકીમાં લહેજતદાર ચા મળી તો, કાળ ચોઘડિયું પણ અમૃત બની જાય ને નહિ મળી તો, શુભ ચોઘડિયું પણ કાળ બની જાય..! જેવો જેની ચાનો ટેસડો..! ચા એ માત્ર દૂધ, પાણી, ખાંડ અને ભૂકીનું મિશ્રણ નથી, ‘કેમિસ્ટ્રી’ અને ‘ફિલોસોફી’નું સંગમસ્થાન છે. ચા ઉકળતી હોય ત્યારથી, માણસના મગજની નસો આપોઆપ ઉઘડવા માંડે. ચા ગળે ઊતરે એટલે, બધી જ ચિંતાઓનું ‘બાષ્પીભવન’ થવા માંડે. અમુક તો, ચાની વરાળમાં જ ચશ્માના પોતા-પોંછા કરે.પછી જ, દુનિયા-દર્શન કરવા નીકળે. એ વિના જીવનની પારદર્શકતા દેખાય જ નહિ..!

ચા ની ચૂસકી એટલે મિજાજની પલટી..! મને ૭૭.૦૦૭ % ખાતરી છે કે, આ લેખ વાંચતાં હશો ત્યારે, તમારી સામે પણ ચા-કપ અને રકાબીની ત્રિપુટી, ડોળા ફાડી-ફાડીને તમને તાકતી હશે..! ક્યાં તો પેટમાં ભ્રમણ કરતી હશે..! ચા ને પણ ખુમારી હોય દાદૂ..! એ માત્ર પીણું નથી, એક ‘ઈમોશન’ છે. સવારના પહોરમાં જો સમયસર ગરમાગરમ ચાનો કપ નહિ મળે તો ‘શાંતિલાલ’ જેવાનું મગજ પણ છટકે..! અને સાવ ટાઢી ચા મળી તો મગજ ‘આઉટ ઓફ સર્વિસ’ પણ થઈ જાય. જો કે, કોઈ આ કારણે વૈરાગી બની ગયો હોય એવું સંભળાયું નથી. આજકાલ ગ્રીન ટી, બ્લેક ટી, લેમન ટી, વગેરેની બોલબાલા છે ખરી, પણ વાસ્તવમાં ચા ના ત્રણ પ્રકાર છે. આપુડી-ચા,બાપુડી -ચા ને જગુડી.-ચા. આપુડી એટલે પોતાના માટે જ બનાવેલી. જેમાં પાણી ઓછું ને દૂધ વધારે..! બાપુડી એટલે ખાસ પ્રકારના મહેમાન માટે એકલા દૂધની બનાવેલી..! અને જગુડી એટલે માથે પડેલા મહેમાન માટે બનાવેલી..! જેમાં દૂધ કરતાં પાણીનો મારો વધારે હોય..! ચા નું એવું આધિપત્ય છે કે, ઘરની ચા પીધા વગર ઘણાને પીધેલા થયા હોય એવું લાગતું જ નથી. કદાચ કચ-કચ અને કચવાટ વાળી ચા જ ‘ટેસ્ટી’ લાગતી હશે..! ચા પીવાના એવા અધીરા બની જાય કે, જાણે ચાનું તપેલું ચડે નહિ ત્યાં સુધી સૃષ્ટિના સર્જનની પ્રક્રિયા અટકી જવાની ના હોય..? આ તો એક વાત..!

ચાની બીજી ખાસિયત એટલે, ચા એકલી નહિ આવે, એની સાથે ભાખરી-ખાખરા-ગાંઠિયા-ખમણ ને ભણતાં- ભણતાં ઊઠી ગયેલો હોય એવો, લોચો પણ હોય..! આ બધા સાથેના ગઠબંધન એટલા સોલ્લીડ કે, આપણી લોકશાહીનું તો પાંચિયું પણ નહિ આવે. ચા સાથે બિસ્કીટ આવે ખરી, પણ અમુક બિસ્કીટ એવી કે, ચા માં ડૂબકી માર્યા પછી, બે મિનીટ મોડા પડયા તો ચાના કપમાં જ શહીદ થઈ જાય. એને બચાવવા બીજી બિસ્કીટ નાંખીએ તો, એ પણ આપઘાત કરે ને કપના તળિયે બેસી જાય. પછી આપણે જ ચમચી લઈને એના ‘અસ્થિવિસર્જન’ કરવા પડે..! આ પ્રક્રિયા આપણને ‘ટાઈમિંગ’ નું મહત્ત્વ સમજાવે છે. સંબંધોમાં વધારે પડતાં ડૂબી જાઓ તો બિસ્કીટ જેવી જ હાલત થાય. ચા અને બિસ્કિટનો સંબંધ, આદિકાળથી ‘લઈલા-મજનુ’ જેવો છે મામૂ..!

ચા બહુત બૂરી ચીજ હૈ બાબુ મોશાઈ...! ઘરમાં અચાનક મહેમાન આવે ત્યારે , ઘરધણીનું નહિ, ગૃહિણીનું આવી બને. મહેમાન કહે કે, “ચા નથી પીવી,” તો ગૃહિણીના ચહેરા ઉપર એવું નૂર આવી જાય કે, જે ફેશિયલથી પણ નથી આવતું. પણ મહેમાન જો એમ કહે કે “હા, અડધો કપ બનાવજો,” તો અડધો કપ બનાવવાની પ્રક્રિયા આખા કપ જેટલી જ જટિલ બને..! ‘અડધો કપ’ આખા કપ જેટલો જ ત્રાસદાયક લાગે. ગુજરાતીમાં કયાં આતિથ્યના ‘માપ-દંડ’ હોય છે..? તંઈઈઈ..? અંગ્રેજો કપમાં ચા પીવે અને આંગળી ઊંચી રાખીને ‘સોફિસ્ટિકેટેડ’ દેખાવાનો પ્રયત્ન કરે, પણ એમને ખબર નથી કે, અસલી મોક્ષ તો ‘રકાબી’ માં રેડીને ચા પીવામાં જ આવે. કપમાંથી રકાબીમાં ચા રેડતી વખતે જે ‘ધાર’ પડે ને, એ દુનિયાના કોઈ પણ મશહૂર ધોધ કરતાં વધારે મધુર હોય..! કોર્પોરેટ ઓફિસમાં કાર્યક્ષમતા વધારવા, કરોડોના સોફ્ટવેર ભલે હોય, પણ સાચું પરિણામ તો ત્યારે જ મળે જ્યારે, રૂપાળા પ્લાસ્ટીકના કપમાં કટિંગ ચા નો પ્રવેશ થાય. ચા એવી લફરાબાજ છે કે, એનું કનેક્શન ભલભલા સાથે જોડાયેલું હોય. રસ્તા ઉપર ઊભેલી ચા ની રેંકડી, એ લોકશાહીનું જીવંત મંદિર છે. જ્યાં રીક્ષાવાળો અને મર્સિડીઝવાળો બાજુબાજુમાં ઊભા રહીને ચા પીતા હોય અને ક્રિકેટથી લઈને કેન્દ્ર સરકાર સુધીની તમામ ચર્ચાઓનું નિરાકરણ એક ‘કટિંગ’ ચા માં લાવી દે..! જે હોય તે, સંબંધો ખાંડ અને ચાના ડબલા જેવા હોવા જોઈએ, એકને શોધો તો બીજું બાજુમાં જ હોય. બંને ક્યારેય છૂટા પડતા નથી. ચાલો, મારો પણ હવે ચા પીવાનો સમય થઈ ગયો મામૂ..!

### લાસ્ટ બોલ

ગુજરાતીઓ માટે ચા એ માત્ર પીણું નથી, એક ‘સોશ્યલ ઈન્વેસ્ટમેન્ટ’ છે. તમે કોઈ સુરતીના ઘરે જાઓ અને જો એ પૂછે કે, ચા પીશો કે? તો સમજવું કે હજી સંબંધ કાચો છે. પણ જો એ સીધી જ બૂમ પાડે કે, એય, ત્રણ કટિંગ લાવજે! તો સમજવું કે તમે એના અંગત ડાયરામાં સામેલ થઈ ગયા છો..! તારા કપાળમાં કાંદા ફોડું..!..

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## ‘સાંત્વના’ સાથે ‘સહાય’નો ઉમદા અભિગમ કેમ નહીં?

આજકાલ સામાજિક રિવાજોમાં આપણે પરિવર્તન સ્વીકારતા થયા છીએ, ત્યારે એક ગંભીર બાબત તરફ સમાજનું ધ્યાન દોરવા ઈચ્છું છું. લગ્ન જેવા શુભ પ્રસંગોમાં આમંત્રિત મહેમાનો તરફથી વર-કન્યાને ભેટ અથવા રોકડ કવર (ચાંલ્લો) આપતાં હોય છે. અલબત્ત, વૈદિક કાળથી ચાલી આવતી આ પરંપરા પાછળ જે તે પરિવારને આર્થિક ટેકો આપવાનો નેક ઈરાદો જ હોય છે; એટલે આ પ્રથા આવકારદાયક છે કારણ કે તે પરિવારના ખર્ચના ભારણને હળવું કરે છે. પરંતુ, મારો અંગુલિનિર્દેશ એ બાબતે છે કે - આવો જ ઉમદા અભિગમ આપણે માંદગી કે અકસ્માતના સમયે કેમ નથી દાખવતા?

લગ્ન એ એક એવો પ્રસંગ છે જે પરિવાર પોતાની આર્થિક શક્તિ મુજબ સાદગીથી પણ ઉજવી શકે છે. પરંતુ માંદગી કે અકસ્માત એ અણધારી આફત છે, જેમાં ઘણીવાર તો વ્યક્તિ પાસે કોઈ વિકલ્પ હોતો નથી. આજના સમયમાં તબીબી સારવાર એટલી મોંઘી થઈ ગઈ છે કે મધ્યમ વર્ગના પરિવાર માટે પણ તે આર્થિક કમર તોડી નાખનારી સાબિત થાય છે.

શું આપણે એવું ન કરી શકીએ કે ફળ કે બિસ્કિટ પાછળ ખર્ચવાને બદલે, તેટલી જ રકમનું એક ‘રોકડ કવર’ પરિવારને અર્પણ કરીએ? માંદગીમાં દવાનો ખર્ચ, રિપોર્ટ્સ અને હોસ્પિટલના બિલમાં આ નાનકડી રકમ પણ તે પરિવાર માટે બહુ મોટી રાહત બની શકે છે. આમાં ક્યાંય ‘દાન’ની ભાવના નથી, પરંતુ ‘સ્વજન તરીકેના ટેકા’ની ભાવના છે.

**સુરત - ચારુલતા અનાજવાળા**

## ઘસાતો જતો રૂપિયો હવે ઘરેલુ ચર્ચાનો વિષય

સામાન્ય સંજોગોમાં જ્યારે દુનિયાના અન્ય ચલણો સામે આપણા રૂપિયાના મૂલ્યમાં ઝાઝી વધઘટ ન થતી હોય ત્યારે રૂપિયો મુખ્યત્વે અર્થશાસ્ત્રીઓનો વિષય બની રહે છે, રૂપિયો કદી ઘરેલુ પ્રશ્ન નથી બનતો. પરંતુ હમણાં ઘણાં સમયથી સતત ઘસાતો જતો રૂપિયો મોટાભાગના મધ્યમ, નીમ્ન મધ્યમ વર્ગની ગૃહિણીઓ માટે પણ ચર્ચાનો વિષય બની ગયો છે કારણ કે, સમયના વહેણ સાથે દરેક રૂપિયા દ્વારા ખરીદાતી રોજીંદી જરૂરિયાતની ખાવા-પીવાની કે પછી ટેલિવીઝન, જેવી ચીજો જે હવે લગભગ દરેક ઘરની પ્રાથમિક જરૂરિયાત બની ગઇ છે જેના ૨૦% થી ૬૦% જેટલા પાર્ટસ આયાત થતા હોય ત્યારે આ બધી વસ્તુઓ ઘસાતા જતા રૂપિયાને કારણે મોંઘી થઇ ગઇ છે. આ બધાની સામુહિક અસરં રૂપે દેશના વેપાર-ઉદ્યોગ ઠંડા પડી રહ્યા છે, મધ્યમ વર્ગમાંના ઘણાં નિમ્ન મધ્યમ વર્ગમાં પરિવર્તિત થતા રહે છે, આમ સતત ઘસાઇ રહેલ રૂપિયો થોડા ધનપતિઓને છોડી સૌને માટે ઘરેલુ બજેટને અસરકર્તા પ્રશ્ન બની રહ્યો છે.

**સુરત - હિતેન્દ્ર ભટ્ટ**

## મોહનદાસ બેરિસ્ટર થી મહાત્મા ગાંધી

રાષ્ટ્રપિતા પૂ. ગાંધીજી 21 વર્ષની આફ્રિકા ખાતે બ્રિટિશરોની રંગભેદની નીતિના સંઘર્ષના અનુભવ બાદ ગુરુ શ્રી ગોપાલ કૃષ્ણ ગોખલેને મળે છે. તેઓ બાપુને કહે છે કે આખું વર્ષ સુધી આંખ અને કાન ખુલ્લા રાખો, મોઢું બંધ રાખો અને ભારતનું ભ્રમણ કરો,

ત્યાંથી શરૂ થાય છે બેરિસ્ટર ગાંધીની મહાત્મા બનવાની યાત્રા, આ યાત્રા તેમના અંતર મનમાં એક ક્રાંતિ લાવે છે અને તેમનું ભારત આગમન કોંગ્રેસની કાયાપલટ કરે છે,

જે કોંગ્રેસ માત્ર વકીલો ની ક્લબ હતી તે કોંગ્રેસમાં ગુલામ ભારતના મજૂર, ગરીબ, શ્રમિક, ખેડૂત અને સર્વ સમાજના સર્વ વર્ગના સર્વવિદ લોકો જોડાય છે અને આઝાદીનું વૈશ્વિક ઐતિહાસિક આંદોલન તૈયાર થાય છે અને “હે રામ”ના પવિત્ર સંબોધનથી દેહ ત્યાગ કરીને પૂજ્ય બાપુ બેરિસ્ટર મોહનદાસ કરમચંદ ગાંધી કાયમ માટે મહાત્મા બને છે, રાષ્ટ્રપિતા અમર રહો.

**નવસારી. - એડવોકેટ રાજન જોશી**

## હવાઈમાર્ગ કેમ જીવ લઈ રહ્યો છે?

વિશ્વમાં આધુનિક હરીફાઈમાં માનવી પોતાને પાછળ ન મુકવા માંગતો ન હોય તે ઝડપથી પહોંચી વળવા માટે હવાઈ મુસાફરી કરતો હોય છે. ઓછા સમયમાં દુનિયા પરિભ્રમણ કરવા માંગે છે. તેની સાથે પોતાનો રસ્તો કાયમ સુરક્ષિત કરવા માટે સદંતર નિષ્ફળ ગયો છે. જમીન અને જળ માર્ગ કરતા સૌથી વધારે પ્રદુષિત હોય તો હવાઈ માર્ગ તેના કારણે વિમાનો ક્રેશ થવાની ઘટના બને છે. આજે જમીન માર્ગ સુરક્ષિત દેખાય છે તેના કરતાં અનેક ગણો હવાઈ માર્ગ મુશ્કેલ ભર્યો લાગે છે. કારણ જમીન માર્ગ પર માણસ માણસની મદદ કરી શકે છે. જ્યારે હવાઈમાર્ગમાં કુદરતી સિવાય કોઈનું નસીબ હોતું નથી. તેનો ભોગ કોઈ પણ રીતે માનવ થાય છે.

**તાપી - હરીશ ચૌધરી**

## રોજગારી છીનવી લે એવી પ્રગતિ શું કામની?

આપણાં દેશમાં માણસોની વસ્તી વધારે છે એટલે દરેક વ્યકિતને રોજગારી મળી રહે તેવી વ્યવસ્થા હોવી જોઈએ .દિન પ્રતિદિન રોજગારીની તકો વધવી જોઈએ.પરંતુ ટેકનોલોજીની હરણફાળે લોકોની રોજી છીનવી લેવાની શરૂઆત કરવા માંડી છે.AI ના આગમનથી લોકોની રોજગારી છીનવાઈ જવાની શક્યતાઓ વધવા માંડી છે. અને હજુ મોટા પ્રમાણમાં બેકાર પડશે.હવે તો મોટી ડીગ્રી ધરાવનારાના કામો પણ મશીનરી દ્વારા થવાના છે.તો મોટા ભાગના ક્ષેત્રોમાં લોકો બેકાર થવાની શક્યતા છે.જો આમ થાય તો મશીનરીવાળા લોકો વધુ અમીર થતા જશે અને તે સિવાયના લોકો માટે ચોરી,ગુનાખોરી,અરાજકતા ફેલાવવી કે છેતરપિંડીના કામો જ બાકી રહેશે.

ટેકનોલોજીની સાથે સાથે રોજગારીની તકો છીનવાઈ ન જાય અને રોજગારીની નવી તકો ઊભી કરવામાં આવે તો જ દેશ સાચી દિશામાં પ્રગતિ કરશે.જો દેશમાં બેકારી વધી જશે તો અરાજકતાને કાબૂમાં રાખવી મુશ્કેલ થઈ જશે.આ બાબતે કોઈ ચિંતકો કંઈ વિચારશે અને નવો રસ્તો કાઢશે એવી આશા રાખવામાં આવે છે.

**ગોડાદરા,સુરત - પ્રવિણ પરમાર**

## જન્મેલાનું મરણ નિશ્ચિત છે

નામ તેનો નાશ. મનુષ્ય અવસાન પામે છે પછી દરેક ધર્મમાં એના આત્માની શાંતિ-સુખાકારી અર્થે અનેક વિધિઓ હોય છે. પરંતુ હિન્દુ સનાતન ધર્મની વાત કરીએ તો યોગેશ્વર કૃષ્ણએ કહ્યું છે આત્માને શસ્ત્ર છેદી શકતું નથી, અગ્નિ બળી શકતો નથી, પવન સૂકવી શકતો નથી કે પાણી ભીંજવી શકતું નથી. વળી, ભગવાન દેહના ગમન બાબતે શોક નહિ કરવા પ્રબોધે છે. જો આવું જ હોય તો આત્માનાં શાંતિની કે સુખાકારીની વાત ક્યાં આવી? મા -બાપ, ભાઈ-બહેન, પતિ -પત્ની, બાળકો સૌને સહેલાઈથી વિસરી જાય છે. આપણે પણ ક્યાંકથી આવ્યા હોઈશું. કોઈને રડતાં, છાતી ફૂટતા આવ્યા હોઈશું. છે કંઈ કોઈ માટે સુખ-દુખ? કોઈ ગત જન્મનું સગું નજરે પડે છે? અને એની સારી-નરસી સ્થિતિથી આપણે ખુશ કે નારાજ થઈએ છીએ? ખરેખર તો એ આત્મા શાંતિનાં વિશ્વમાં પદાર્પણ કરે છે. ઘણાં લોકો શ્રદ્ધાંજલિરૂપે શોકસભા કરે છે. વાસ્તવમાં પ્રાર્થના તો મૃતકનાં પરિવાર માટે હોવી ઘટે કે એ સૌને શાંતિ મળે અને આ અસહ્ય દુ:ખનો ડુંગર આવી પડ્યો તે સહેવાની ઈશ્વર શક્તિ આપે.

**બારડોલી - વિરલ વ્યાસ**